**દાખલ તારીખ : ૧૯/૦૪/૨૦૨૫**

**રજૂ તારીખ : ૧૯/૦૪/૨૦૨૫**

**ફેસલ તારીખ : ૨૮/૦૪/૨૦૨૬**

**સમય : દિવસ માસ વર્ષ**

**સિહોરના મહે. એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક., સાહેબની કોર્ટ, સીહોર.**

**<u>પર. ફોજદારી અરજી નં.૭૭/૨૦૨૫</u>**

**આંક :–**

**<u>અરજદાર</u> :–**

મકવાણા કૈલાસબેન રોહીતભાઇ તે,
ફાફાભાઇ મગનભાઇ ચૌહાણની દીકરી,
ઉ.વ.આ.૨૬, ધંધો– ઘરકામ,
રહે. જીઆઇડીસી. ગુંદાળા વિસ્તાર,
સિહોર, જી. ભાવનગર.

<u>વિરુધ્ધ</u>

**<u>સામાવાળા</u>** :–

મકવાણા રોહીતભાઇ ભરતભાઇ,
ઉ.વ.આ.૩૦, ધંધો– હીરામા મેનેજર તથા એસોટીંગ,
રહે. પ્લોટ નં.૨૦, જુના ટીવી કેન્દ્ર પાછળ,
ગોપાલ સોસાયટી, કુંભારવાડા, ભાવનગર.

**<u>બાબત</u>:– <u>બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ– ૧૪૪ મુજબ ભરણપોષણ મેળવવાની અરજી</u>.**

---

અરજદાર તરફે :- વિ.વ.શ્રી જી.ટી.ભટ્ટ

સામાવાળા તરફે :- એક તરફી

---

-:: **ચૂકા દો** ::-

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના અરજદારે સામાવાળા તેઓના પતિ સામે બીએનએસએસ. ૨૦૨૩ ની કલમ - ૧૪૪ મુજબ ભરણપોષણ મેળવવા હાલની અરજી કરેલ છે. આ કામના અરજદારના લગ્ન આ કામના સામાવાળા સાથે થયેલ અને અરજદાર લગ્ન બાદ સામાવાળા સાથે સંયુકત કુટુંબમા રહેવા ગયેલા. અરજદારને શરુઆતમા સારી રીતે રાખેલ. બાદમા આ કામના સામાવાળા તથા તેમના કુટુંબીજનો તરફથી અરજદારને ત્રાસ આપવાનુ શરુ કરેલ અને અરજદાર સાથે નાની નાની વાતોમાં ઝઘડઓ કરતા અને હેરાન પરેશાન કરી ત્રાસ આપતા. સામાવાળા અરજદાર સાથે સામાવાળા ઝઘડો કરતા અને માર મારતા અને અરજદારના ચારીત્ર બાબતે શંકા કરતા, તેમજ અવાર નવાર છુટાછેડા આપવાની ધમકી આપતા. તેમજ સામાવાળાના ઘરના લોકો પણ અરજદાર ઉપર ખરાબ વર્તન કરતા અને આ રીતે સામાવાળા મેણાટોણા મારતા અને માનસીક ત્રાસ આપતા અરજદારને ઘર છોડવા મજબુર કરેલ. સામાવાળાને અન્ય સ્ત્રી સાથે આડા સબંધ હોઈ, સામાવાળાએ અરજદારનો કોઈપણ વાક ગુના વગર ત્યાગ કરી, નિરાધાર અવસ્થામા મુકી દીધેલ છે અને કોઈ દરકાર કે કોઈ જાતની સાર સંભાળ લીધેલ નથી. અરજદાર હાલ પિયરમા રહેતા હોવાનું અને ઓશીયાળુ જીવન વ્યતીત કરતા હોવાનુ તેમજ આ કામના સામાવાળા ને ભાવનગરમા ઘરના ઘર છે અને ભાવનગર જીલ્લાના ભડભીડ ગામે ખેતીની સંયુકત જમીન આવેલ છે તેમાથી આવક મેળવે છે. તેમજ સામાવાળા હીરાના કારખાને મેનેજર તરીકે કામ કરીને મહીને રુ.૩૦,૦૦૦/- જેવી આવક ધરાવે છે. અરજદાર સિવાય સામાવાળા ઉપર અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. અરજદાર નિ:સહાય તથા

ઓશીયાળુ જીવન જીવી રહયા છે. અરજદારને માસીક રુ.૧૦,૦૦૦/- ભરણપોષણની રકમ પેટે સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) સદરહુ અરજી દાખલ થતા આ કામના સામાવાળાઓને પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામના સામાવાળાઓને પ્રોસેસની બજવણી થતા સામાવાળા હાજર થયેલા અને આ કામે સમાધાનની શકયતા હોવાનું જણાવતા સદરહુ કેસ મીડીએશનમા મોકલવામા આવતા, સમાધાનની શકયતા ન હોય, તેવો રીપોર્ટ રજુ થયેલ હોય, કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે. આ કામના સામાવાળા તરફે અરજદારની અરજીનો કોઇ જવાબ આપેલ નથી કે કોઇ રીપોર્ટ પણ આજદીન સુધી રજુ કરેલ ન હોય, જેથી સામાવાળાના જવાબનો હકક બંધ કરવામા આવેલ. ત્યારબાદ પણ આ કામના સામાવાળા જાતે કે તેઓના વ.શ્રી હાજર રહેલ ના હોય, કે કોઇ રીપોર્ટ ન હોય, અરજદારનો પુરાવો થયા બાદ પણ હાજર રહેલા ના હોય, સામાવાળાના પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામા આવેલ.

(૪) આ કામે અરજદાર તરફે જવાબદારી અંગેનુ સોગંદનામુ રજુ કરેલ છે. જે વંચાણમા લીધુ.

(૫) અરજદાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા સારુ નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

-:: <u>મૌખિક પુરાવો</u> ::-

૧. આંક-૦૯ થી અરજદારનું પુરાવાનું સોગંદનામું

-:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::-

૧. આંક–૧૦ થી અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ.

(૬) આ કામના સામાવાળા તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ નથી.

– આ કામે સામાવાળા તરફે અરજદારની ઉલટ તપાસ માટે હાજર રહેલ ના હોય, ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ.

(૭) ઉપરોકત કેસની હકીકતો, સંજોગો તથા રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતા, આ કેસા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપિસ્થત થાય છે.

–:: મુદાઓ ::–

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, આ કામના સામાવાળા એ શારીરીક માનસીક ત્રાસ આપી, અરજદારનો પુરતા અને વ્યાજબી કારણ વગર ત્યાગ કરી, ભરણપોષણ કરવામાં બેદરકારી અને ઉપેક્ષા સેવેલ છે ?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, આ કામના સામાવાળા આવકના પુરતા સાધનો ધરાવે છે ?

૩. શું અરજદાર પુરવાર કરે છે કે, આ કામના સામાવાળા પાસેથી ભરણ પોષણ મેળવવા હકકદાર છે ? જો હા તો માસીક કેટલી રકમ અને કયારથી ?

૪. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં.(૧) હકારમાં

મુદા નં.(૨) હકારમાં

મુદા નં.(૩) અંશત: હકારમાં

મુદા નં.(૪) આખરી હુકમ મુજબ.

(૯) <u>ઉપરોકત મુદાઓના કારણોની ચર્ચા</u>:-

<u>મુદા નં.(૧ થી ૩) -:</u> સદરહુ મુદાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, પુનરાવર્તન તથા લંબાણ નિવારના આશયથી સદરહુ મુદાઓની અત્રે એકી સાથે ચર્ચા કરવામા આવેલ છે.

(૧૦) આ કામે અરજદાર તરફે પોતાની અરજીની હકીકતો સાબીત કરવા સારુ આંક- ૦૯ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમા અરજીમા જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવેલ હોવાનું જણાઇ આવતુ હોય, જેથી પુરાવાની વિસ્તૃત અત્રે ચર્ચા કરેલ નથી. આ કામના પક્ષકારોના લગ્ન થયેલ અને તે લગ્ન થયેલ હોવાની હકીકત પરત્વે કોઇ તકરાર રહેલ નથી. આ કામના અરજદારની સામાવાળા તરફે ઉલટ તપાસ કરવામા આવેલ નથી. આ કામના સામાવાળાએ હાજર થયેલા અને ત્યારબાદ સદરહુ કામ મીડીએશનમા સમાધાન માટે મોકલવામા આવતા, સમાધાન શકય નહી થતા, કામ આગળ ચલાવવામા આવેલ. ત્યારબાદ પણ આ કામના સામાવાળા તરફે અરજીનો કોઇ જવાબ આપેલ નથી કે કોઇ રીપોર્ટ પણ રજુ રાખેલ નથી. તેમજ પોતાનો કોઇ પુરાવો પણ રજુ કરેલ નથી. તેમજ અરજદારનો પુરાવો પુરો થયા બાદ પણ હાજર રહેલ નથી.

(૧૧) હાલના કામે અરજીની હકીકત તથા રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાની હકીકત વિગેરે તમામ હકીકતો ધ્યાને લેતા, અરજદાર દવારા તેમના મૌખિક પુરાવો રજુ કરેલ છે. જેમા જણાવેલ હકીકત મુજબ આ કામના

સામાવાળા તથા તેમના કુટુંબીજનો દવારા મેણાટોણા મારતા હોવાનુ અને ત્રાસ આપતા હોવાનુ તેમજ મારકુટ કરતા હોવાની હકીકતો જણાવેલ છે. આ કામના સામાવાળા તરફે અરજદારની કોઇ ઉલટ તપાસ કરવામા આવેલ નથી. જેથી અરજદારની સદર હકીકતોને મહદઅંશે માની શકાય. કારણ કે, કોઇપણ પરણીત સ્ત્રી વિના કારણે પોતાના સાસરીયા થી પિયરમા કારણ વગર રહેવા જાય નહી. તેમજ અરજદારને કાઢી મુકયા બાદ અરજદાર તેમના પિયરમા રહેતા હોવાનું પણ જણાઇ આવે છે. આ કામના સામાવાળાએ અરજદારના ભરણપોષણ ની કે અન્ય કોઇ જરુરીયાતની દરકાર કરેલ હોવાનું જણાઇ આવતુ નથી. જેથી અરજદાર પિયરમા ઓશીયાળુ જીવન વિતાવતા હોવાનું માની શકાય. વધુમાં આ કામના અરજદારે તેમની અરજી તથા પુરાવામા જણાવેલ છે કે, આ કામના સામાવાળા હીરાના કારખાને મેનેજર તરીકે કામ કરીને મહીને રુ.૩૦,૦૦૦/- જેવી આવક ધરાવે છે. પરંતુ આ બાબતે અરજદાર તરફથી સામાવાળા ખરેખર કેટલી આવક ધરાછે તે બાબતે કોઇ સાહેદો કે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. પરંતુ અરજદાર સામાવાળા સાથે લગ્ન સંસાર ભોગવેલ હોય જેથી સામાવાળા શું કામ ધંધો કરે છે તેની માહીતી હોય જેથી સામાવાળા હીરાના કારખાનામા કામ કરતા હોય, કેટલી આવક ધરાવે છે તેની માહીતી હોય તે હકીકત માની શકાય તેમ છે. પરંતુ કેટલી ચોકકસ આવધ ધરાવે છે તે બાબતે કોઇ પુરાવો અરજદાર તરફે રજુ રાખેલ નથી. પરંતુ હાલના પ્રવર્તમાન રોજમદારીનો દર વિગેરે ધ્યાને લેતા, આ કામના સામાવાળા મહીને બાર થી પંદર હજાર જેવી આવક ધરાવતા હોવાનું અનુમાન કરી શકાય. જેથી આ કામના સામાવાળા આવકના પુરતા સાધનો ધરાવતા હોવા છતા, અરજદાર નું ભરણપોષણ કરવામા બેકાળજી અને ઉદાસીનતા રાખેલ હોવાનુ જણાય આવે છે. આ કામના અરજદાર તેમના જણાવ્યા મુજબ તેઓના પિયરમા રહેતા હોવાનુ પણ જણાઇ આવે છે. અરજદારને આજીવીકાનુ અન્ય કોઇ સાધન નથી. અરજદારનુ ભરણ પોષણ કરવાની નૈતીક ફરજ સામાવાળાની રહેલ છે. જેથી તામામ હકીકતો ધ્યાને લેતા, અરજદારની હાલની અરજી અંશત: મંજુર કરવાપાત્ર હોવાનું જણાઇ આવતુ હોય, મુદા નં.૧ તથા ૨ નો જવાબ હકારમાં આપવામાં

આવે છે. મુદા નં.૩ નો જવાબ અંશત: હકારમા આપી મુદા નં.૪ અન્વયે ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: <u>આખરી હુકમ</u> ::-

૧. આ કામના અરજદારની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા એ અરજદાર મકવાણા કૈલાસબેન રોહીતભાઇ નાઓને ભરણપોષણ પેટે માસીક રુ.૩૦૦૦/- (ત્રણ હજાર પુરા) હાલની ભરણપોષણ ની અરજી દાખલ થયા તારીખથી દર માસે ચડયે ચડયા ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩. આ અરજી ખર્ચના રુ.૧૦૦૦/-(એક હજાર પુરા) આ કામના સામાવાળા એ અરજદારને અલગથી ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૮ મી, માહે - એપ્રિલ - સને - ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સિહોર

તા.૨૮/૦૪/૨૦૨૬

(જીતકુમાર તરુણભાઇ પટેલ)
એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
સિહોર, જી.ભાવનગર
(કોડ નં. જીજે.-૦૧૬૬૫)

(બી.બી.ગોસાઇ)